**ક્રિ.કે.નં– 13930/2019**

**અમદાવાદ (ગ્રામ્ય ), નવમાં જયુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મિરઝાપુર, અમદાવાદ.**

**ફરીયાદી: શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી: પ્રહલાદભાઇ રણછોડભાઇ મકવાણા**

**<u>ગુન્હો: ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) (બી)</u>**

**::<u>ચુકાદો</u>::**

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ છે.

આરોપીને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસની નકલો વિના મુલ્યેપૂરી પાડેલ છે. આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી હાજર હોય, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાના ગુન્હાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે અને ગુન્હો કબુલ છે તેમ જણાવેલ છે. વધુમાં, આરોપીએ પોતાના ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે જે રેકર્ડ કરેલ છે. છે, જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીની ગુનાની કબુલાતને ન માનવાનું કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને આવો ગુનો ફરી નહી કરવાની ખાતરી આપે છે તથા પોતાની ભૂલ સુધારવા માંગતા હોવાનું જણાવે છે. ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે.

આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત અને સજાની જોગવાઈ તેમજ આરોપીની કબુલાત પુરસીસ અને તેઓની મૌખિક રજૂઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય, આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતા સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો ન્યયોચિત જણાતું હોય આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) (બી)અન્વયે તકસીરવાન ઠેરવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૧ મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)(બી) હેઠળના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.
વધુમાં જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન ૩ (ત્રણ)** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૧ માહે ડીસેમ્બર ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તા.૧૧/૧૨/૨૦૨૧
મિરઝાપુર,અમદાવાદ.

**(કુ. કે. એસ. રાણા)**
નવમાં એડી. સિવિલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય).